# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૩ • તા. ૧૫ માર્ચ થી ૨૧ માર્ચ ૨૦૨૫


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ. દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય યાદગાર યાત્રા પ્રવાસ યોજાયો


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# મન મર્કટ છે, એને કાબૂમાં રાખવું મુશ્કેલ છે

મનની અવસ્થા મર્કટ જેવી છે. જે ઘડી બે ઘડી જંપીને બેસતો નથી. ઘડીક અહીં, ઘડીક તંહી. વાંદરાની જેમ ઝાડની ડાળી ડાળી પર કૂદીને પોતાને પ્રવૃત્ત રાખે છે. મનુષ્યનું મન ત્રણ અવસ્થામાં રહે છે. સુષુપ્ત, સ્વપ્ન અને જાગૃત, માણસ ઊંઘ તો હોય કે જાગતો હોય વિચારોના અશ્વો હણહણાટી સાથે આગળ ધપતા હોય છે. જે મનોજંપ લેવા દેતા નથી. અંતર મનની આ અવસ્થા ઈચ્છા, કામના અને આકાંક્ષાની કામનાથી ધગધગતી હોય છે.

માણસ સૂતો હોય ત્યારે સ્વપ્ન જોતો હોય છે. પરંતુ ખુલ્લા આંખે પણ તે સ્વપ્ન ને જોતો રહે છે. દ્રષ્ટિ કંઈ જોતી હોય ને મન મર્કટ બની અન્યત્ર દોડતુ હોય. આ ચિત અવસ્થા સૂન ભરી કરી દે છે અને ત્યારે સાંભળવા મળે છે કે ચિતભ્રમમાં જીવે છે. સ્વપ્નમાં આવતા રૂપકડા લાગે છે. વિચારોના તરંગ બંધ થઈ જાય ત્યારે સ્વપ્નો પોતાની સૃષ્ટિને આગળ વધારે છે. મન સ્થિર નથી એ ચંચલ અને તરંગી છે. એક વિચારની પર અડગ રહેનાર નથી. ઘડીક અંહીયા અને ઘડીક ત્યાં એવી અવસ્થા ભોગવે છે.

જેમ સારા માણસોની નિષ્ક્રિતાથી દુષ્ટ તત્વોને મોકળું મેદાન મળે છે. ધર્મીઓની સુષુપ્તાથી અધર્મીઓ જાગૃત રહે છે. જે આખરે વિનાશકતાનો માહોલ સર્જે છે. સજાગતા અને સર્તકતાનો સજ્જનો રાખે તો દુર્જનો વિકસી શકતાં નથી. એટલે જ સારા માનવીઓ સમયસર જાગૃત થતા નથી એટલે ખરાબ માનવીઓ પોતાનો ઉપદ્રવ બે રોકટોક મચાવતા રહે છે. જે કાર્ય કરીએ તેનું વધુ મહત્વનું નથી મહત્વ તેનું છે કે આ શા માટે કરી રહ્યાં છીએ?

મનોવૈજ્ઞાનિક કહે છે કે સ્વપ્નએ વ્યક્તિની ઈચ્છાને સંતોષ આપતી માનસિક અવસ્થા છે. સહેલાઈથી મનને આત્મ સંતોષ, માનસિક સુખ મળે એટલે સ્વપ્ન જુએ છે. સપના સેવે છે. માણસનું મન પોતાનું જોવાને બદલે અન્યની જિંદગીમાં ડોકિયા કરે છે. અન્યની ચાલ, ચલગત, આચાર, વિચાર શું કરે છે, કેવી રીતે જીવે છે, એના સ્વજનો, પરિવારજનો મિત્રો સાથે કેવી રીતે રહે છે, વર્તે છે. એની આગળ વધવાની યોજના શું છે એ જાણવાનો સતત પ્રયત્ન તે કરતો રહે છે. મર્કટ જેમ એક ઝાડની ડાળી પર બેસી રહેતો નથી એમ મનનો મર્કટ એક જ વ્યક્તિના જીવનમાં ડોકિયું નથી કરતું, પણ આજુબાજુના સૌ, તેના સંપર્કમાં આવતા સૌના જીવનમાં સતત ડોકિયું કરી તેનું પગેરું રાખે છે. અને એ હિસાબે પોતાનો પ્લાન ઘડે છે. એ સૌથી પોતે આગળ રહે એવા ખ્યાલથી પોતાના કામના સોગઠા ગોઠવે છે.

માત્ર સપના જોતો મન જો એ સપના સિધ્ધ થાય એ માટે જહેમત કરે તો ઘણી બધી સિધ્ધિ હાંસલ કરી સફળતાના શિખર તરફ પોતાના કદમ રાખી શકે છે. અળવિતરું મન માત્રને માત્ર તર્કહીન વાતો ને ઝૂલે ઝૂલયા કરે તો શ્રમને લીધે થાકી જશે પણ રહેશો તો ઠેરનું ઠેર. આગળ વધવા આશા સાથે ઉમંગ. ઉત્સાહ અને સંયમનો સાથ મળે તો જ લક્ષ્ય પામવું સહેલું થશે.

– જય જ્ઞાતિમૈયા

# સૌંદર્ય કરતા સ્વભાવ અસરકાર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વ્યક્તિ માત્ર સારા દેખાવાના પ્રયાસો કરવા માટે કંઈ બાકી રાખતો નથી. તેમાં સ્ત્રીઓ તો સજી ધજી રહેવાનો શોખ ધરાવે છે. અરીસા સાથે તેની અઠંગ મૈત્રી હોય છે. પુરૂષ પેન્ટ શર્ટ પહેરે અને માથું ઓળી લે એ તૈયાર થઈ ગયો એવું કહો, વધુ ટાપટીપમાં શેવિંગ કરી, પરફ્યુમ છાંટી સૂટ બ્લેઝર કે શેરવાની સૂટ, મોજડી પહેરીને થોડા સમયમાં ઘર બહાર પડે છે. તેની બરોબરીમાં સ્ત્રીઓ મેકઅપ, હેર સ્ટાઈલને પછી ડ્રેસ કે સાડીની પસંદગી માટે વોર્ડરોબ ખોલીને અવઢવમાં રહેતી સમય પસાર કરી દે છે. શરીરના પરિધાન અનુરૂપ મેચીંગ કલરની જવેલરી, બકલ, પીન, વોચ બેંગલ્સ, પર્સ પગરખાં માટે સમય પસાર કરી દે છે.

જે સુંદર છે એ વધુ સુંદર દેખાવાના પ્રયાસ કરે છે. કારણ કે કહેવાયું છે કે ફર્સ્ટ ઈમ્પ્રેશન ઈઝ લાસ્ટ ઈમ્પ્રેશન. બાહરી દેખાવથી પહેલી નજરમાં ભલે કોઈની પર છાકો પાડી શકીએ પણ આખરે વાણી અને વર્તનથી જ ખરી પરખ થાય છે એ નક્કી સૌંદર્ય વિષે એ સનાતન સત્ય છે કે કોઈ સૌંદર્ય કાયમી ટકતું નથી. સમયના પ્રવાહની અસરથી સૌંદર્યની આભા ઓસરી જાય છે. પછી એ હેન્ડસમ ગણાતો પુરૂષ હોય કે બ્યુટીફૂલ ગણાતી સ્ત્રી કે મહિલા કે યુવતી હોય. ઉંમર વધવાની સાથે કોઈ પણ વ્યક્તિનું રૂપ, રંગ અને દેખાવ ઢળતા જાય છે. જે પ્રકૃતિ છે સત્ય છે.

દેખાવની આભા ક્ષણિક છે. છેલ્લે તો ગુણ અને સ્વભાવ ચીર સ્મરણીય રહે છે. પૂનમના ચંદ્ર જેવી દેખાતી વ્યક્તિ તોછડી, તુમાખી સ્વભાવની હોય તો કોણ તેની નજીક ફરકે? ઘણા બેફામ અને બે લગામ લોકો પોતાનો રોફ જમાવવા મન ફાવે તેવી વાણી પ્રવાહ વહેડાવતા હોય છે. જે ખરેખર તેની નબળાઈ બને છે અને દોસ્તને બદલે દુશ્મન વધારતા રહે છે.

રૂપના રખોપાં ગમે તેટલા કરો સમયની સાથે સૌંદર્ય ઘટવાનું છે. સમજ બુધ્ધિ અને જ્ઞાન જ એવી વસ્તુ છે. જેનું ઓજસ ક્યારેય આથમતું નથી. એક ગ્રાહકોથી ધમધમતા બ્યૂટી પાર્લરની બહાર એકઝિટ ગેટ પાસે બોર્ડ મારેલું હતું. જેમાં લખેલ હતું કે અમે મેકઅપ કરી તમારું બાહરી સૌંદર્ય સોળકળાથી નિખારી આપ્યું છે. પણ તમારું આંતરિક સૌંદર્ય તમારા હાસ્ય, તમારી મધુરવાણી અને નમ્ર તથા મળતાવડા સ્વભાવથી જ વ્યક્ત થવાનું છે. સારા દેખાવા માટે હસતા રહેજો અને હળવા રહેજો.

માણસ વસ્ત્ર બદલે છે, મકાન બદલે છે, સંબંધ પણ બદલે છે છતાં દુઃખી રહે છે. કારણ કે તે સ્વભાવ નથી બદલતો. દુઃખનું કારણ કર્મનો અભાવ, સુખનું કારણ કર્મનો પ્રભાવ પણ શાંતિનું કારણ પોતાનો સ્વભાવ. પૈસા કરતા પરવરિશ મહત્વની છે. સુવિધાઓ કરતાં સંસ્કાર મહત્વના છે. જ્યારે સુંદરતા કરતાં સ્વભાવ મહત્વનો છે. પરિસ્થિતિ જ્યારે વિપરિત હોય ત્યારે પ્રભાવ અને પૈસા નહીં પણ સ્વભાવ કામ આવે છે. હસતો ચહેરો અને મીઠી જીભ એ એવા વળાંક છે જે ઘણાય મુશ્કેલી ભરેલા કામ સીધા અને સરળ કરી દે છે. એટલે જ સૌંદર્ય કરતાં સ્વભાવ અસરકારક છે.



## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

GOLD LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

Reg. No. A-3926 Mumbai Dt.14-10-1992

# SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN

MANAGING TRUSTEE

Mr. Pravin Hansraj Lodaya • Mr. Kirti D. Dharamshi • Mr. Chandresh V. Chheda
09820076605 09844004445 09425213540

SECRETARY GENERAL : Mr. Nishith A. Dand - 09879111090

TRUSTEES :
Mr. Bharat N. Dand 0968983232
Mr. Chetan M. Mota 09322282993
Mr. Devang U. Khona 09767911777
Mr. Dhirish J. Dharamshi 09845352305
Mr. Hemang M. Momaya 09885101010
Mr. Harshad L. Shah 09422171245
Mr. Jayant V. Chheda 9322257731
Mr. Jayesh B. Jain 09820141761
Mr. Jayantkumar K. Dhulla 09331017293
Mr. Kunal T. Dagha 07567118599
Mr. Kumar B. Dand 09920935414
Mrs. Manisha C. Poladiya 09869576527
Mr. Mulchand P. Mota 09846214203
Mr. Nayan A. Bheda 09821090323
Mr. Prabodh H. Munvar 09925169876
Mr. Rajendra M. Khona 098203028
Mr. Rajendra J. Momaya 09884149494
Mr. Rajesh K. Dharamshi 09925038896
Mrs. Rajul B. Patel 09820200800
Mr. Sunil M. Lodaya 09727599999
Mr. Sanjay R. Ajani 09821015020
Mr. Tarun R. Lodaya 09484094850
Mr. Virendra B. Lodaya 09821073830

તા.૦૮-૦૩-૨૦૨૫

વ્હાલા જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર.

આપ જાણો છે કે આપણી જ્ઞાતિની વિરાસત અને સંસ્કૃતિનો ઈતિહાસ જળવાઈ રહે તે માટે 'શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન' દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે અને તે માટે જરૂરી માહિતી જ્ઞાતિના સૌ મહાજનો, સંસ્થાઓ તેમજ સર્વે જ્ઞાતિજનોને પાસેથી મેળવવામાં આવી રહી છે. આ સંદર્ભે નીચે મુજબની ઐતિહાસિક માહિતી, દસ્તાવેજો, પ્રાચીન લેખો વિ. જેમની પાસે હોય તે મોકલી આપવા વિનંતી કરીએ છીએ:

૧. આપણા ગોત્રની ઉત્પત્તિ, જૈન ક્યારે, ક્યા સ્થળે અને કોણ થયું?
૨. દશા ક્યારે થયા?
૩. કચ્છ અને હાલારમાં આપણું આગમન અને વસવાટ,
૪. આપણા વસવાટના ગામની ઉત્પત્તિ, નામ કેમ પડ્યું, કોણે, ક્યારે વસાવ્યું અને આપણી જ્ઞાતિનું કોણ પ્રથમ વસ્યું?
૫. ગામમાંથી કોણ પરદેશ અને વિદેશ વસ્યું? તેમની વિગત,
૬. ગામના આગેવાન તેમજ નોંધનીય સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય સેવા આપનાર નર-નારી રત્નોનાં નામ અને જીવન ચારિત્રની વિગતો અને ફોટા.
૭. ગામના શ્રેષ્ઠીઓએ કાઢેલ સંઘોની તેમજ યોજેલ દેશતેડા, નાત મેળાઓ, ચોખરાની વિગતો,
૮. આપણા શ્રેષ્ઠીઓ દ્વારા ગામ/દેશાવરમાં નિર્મિત દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળા, અતિથીગૃહ, આયંબિલ વાડીઓ, જ્ઞાન શાળા, સાર્વજનિક દવાખાના, ગૌશાળાઓ, પાંજરાપોળો, ચબૂતરા, સ્કૂલો, વાવ-કુવા અને તળાવો, શૂરા-સતીઓના પાળીયા, અન્ય સ્થાપત્યો, ઈમારતો, તેમજ પ્રતિમાજીઓ પરનાં અંજન શલાકા, પ્રતિષ્ઠા લેખો તથા તેના ફોટાઓ,
૯. ગામનાં ઉચ્ચ કેળવણી મેળવનારા ભાઈ-બહેનોના નામ અને અભ્યાસ.
૧૦. ગામના ધાર્મિક ફંડો, સદાવ્રતો કોને શરૂ કર્યા
૧૧. ગ્રંથ ભંડારમાં રહેલી અમુલ્ય હસ્તપ્રતો
૧૨. આપણા વીરલા-વીરાંગનાઓના શૌર્ય, સમર્પણની કથાઓ
૧૩. આ સિવાય આપણી પાસે જ્ઞાતિ ઈતિહાસને લગતી કોઈ વિશેષ હકીકત હોય તો.

**માહિતી, દસ્તાવેજ નકલો, ફોટાઓ મોકલવાનું સ્થળ :**
**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ,**
બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધા રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ઈમેઈલ: kdogranth@gmail.com

આ ભગીરથ કાર્યમાં આપ સૌનાં સહકારની અપેક્ષા રાખીએ છીએ.

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank, Wagle Estate, Thane (West) - 400 604 • Mob : +91 75060 70851
Email : mahajansamast@gmail.com • Web : www.kdosm.org

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ




પર્યટનનો કાફલો

સતત ત્રણ વર્ષથી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દિવ્યાંગો માટે પર્યટનનું આયોજન કરે છે. આ વર્ષે દિવ્યાંગ સમિતિ દ્વારા આયોજિત મહાબળેશ્વર-પંચગની-કાત્રજની બે રાત-ત્રણ દિવસની યાત્રા ખૂબ જ સફળ રહી.

મુખ્ય પ્રાયોજક માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવારના ઉદાર દાનને કારણે, ૩૯ સભ્યોની આ યાત્રામાં દિવ્યાંગો, તેમના વાલીઓ અને સમિતિના સભ્યો સામેલ થયા હતાં. યાત્રા સોમવાર, તા.૧૦ માર્ચે વહેલી સવારે શરૂ થઈ અને બુધવાર, તા.૧૨ માર્ચ ૨૦૨૫ના રોજ મોડી રાત્રે પૂર્ણ થઈ. ૨ કાર સાથેની લક્ઝરી બસનો કાફલો ઘાટકોપર પૂર્વ સ્ટેશનથી ઊપડ્યો, જ્યાં બધા સવારે ૬ વાગ્યાથી ભેગા થયા હતા. બસમાં પ્રવેશતાં જ તેઓ દરેકને સ્વાદિષ્ટ નાસ્તા, પીણા અને મીઠાઈની ગુડી બેગ આપવામાં આવી.

મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ખાલાપૂર ફૂડ મોલમાં ગરમાગરમ નાસ્તો કરી, આગળ એક ટૂંકો વિરામ લીધા પછી, ગ્રૂપ રાજલક્ષ્મી આરોગ્ય ધામ પંચગની પહોંચ્યું, જ્યાં બધાએ શ્રીખંડ, કટલેટ વગેરે સાથે ભરપૂર લંચ લીધું. ત્યારબાદ સહુએ થોડા આરામ માટે પોતપોતાના રૂમમાં ચેક ઇન કર્યું. ચા બાદ બધાએ વિખ્યાત 'ટેબલ લેન્ડ' તરફ પ્રયાણ

**મુકેશ જે. ગોસર (મુંદરા-કચ્છ)**

માનનીય કાશ્મીરાબેન, શિલ્પાબેન. દિવ્યાંગ પ્રવાસ માટે આપના મનમાં ઉત્તમ ઉમદા વિચાર આવ્યો તે બદલ આભાર. દિવ્યાંગો પ્રત્યેની સહાનુભૂતિને હું શત શત નમન કરૂ છું. માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર તેમજ બીજા દરેક દાતાશ્રીને નમન કરું છું. પ્રવાસ ઘણો જ આનંદદાયક મનમોહક રહ્યો.

આપની ટીમ નીનાબેન, ભાવનાબેન, મનીષભાઈ ખૂબજ સરસ સહકાર મળેલ તે બદલ સર્વેને મારા વંદન.

આપ સર્વેના અંતરમાં દિવ્યાંગ માટે લાગણી જોઈ મારું મસ્તક આપની સામે ઝૂકી જાય છે.

શ્રી શિલ્પાબેન, કાશ્મીરાબેન દિવ્યાંગોના જીવનમાં ખુશી લાવવામાં હમેશા આપની પ્રભુ આપની સાથે છે. આપને મારા બે હાથ જોડી નમન.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ



દિવ્યાંગોના પંચગની-પ્રેમનો પુરાવો

કર્યું. અમુક યાત્રીઓએ સાહસ કરી ટોચ પર અડધો કલાકની ઘોડાગાડીની સવારીનો આનંદ માણ્યો. સમર પ્લાઝા હોટેલના દેરાસરમાં દર્શન કરી, આરતી અને મંગલ દિવાનો લ્હાવો લીધા પછી બધા રાજલક્ષ્મી આરોગ્ય ધામના કોમન હોલમાં પાછા ફર્યા. અહીં સમિતિ સભ્ય ભાવના લોડાયા દ્વારા હાઉસી વિથ અ ટ્વિસ્ટની એક રસપ્રદ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેણીએ મૂક-બધીર દિવ્યાંગો માટે બીજી એક ખાસ મનોરંજક રમત પણ રમાડી.

રાત્રિભોજનમાં સ્વાદિષ્ટ પાણી પુરી, ભેળ, બિરયાની અને સ્ટફ્ડ પરાઠાનો આસ્વાદ સહુએ માણ્યો. રાત્રે સારી ઊંઘ કર્યા પછી સવારે લિજ્જતદાર નાસ્તો કરી જૂથ મહાબળેશ્વરની એક દિવસની સફર માટે રવાના થયું.

મેપ્રો ગાર્ડનની મુલાકાત, હોટેલ ઉદયમાં મહાવીર સ્વામી

### રેવંતીબેન દંડ

આદરણીય કાશ્મીરાબેન, શિલ્પાબેન, નીનાબેન, ભાવનાબેન, મનીષભાઈ.

આજે જે સુંદર સૃષ્ટિ વાતાવરણનું અહેસાસ કરાવ્યું. એ આપની સૂઝબૂઝથી થયું છે.

સતત વાત્સલ્યની વીરડી બની બધાને ઠંડક આપતા રહ્યા.

તમારી ઉદાર ભાવના ને નિસ્વાર્થ સેવાને સલામ કરું છું.

દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના.

જે ખુશીનો ગુલદસ્તો બાળકો મનમાં લઈ આવ્યા છે. એની સુંગધ જીવનમાં મહેકતી રહે.

પ્રભુ આપને સુખ સમૃદ્ધિ અને વધુ સેવા કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના.




કે ડી ઓ દિવ્યાંગ જિંદાબાદ!

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ




પ્રેરણા ના ધોધ! ડો. ભાવેશ ભાટીયા સાથે કે ડી ઓ દિવ્યાંગ

દેરાસરમાં દર્શન, સુપ્રસિદ્ધ હોટેલ રાજેશમાં ભવ્ય લંચ અને ઇન્ડોર ગેમ્સ, ખરીદી, સ્વાદિષ્ટ ભુટ્ટા માણતા લેકસાઇડની મુલાકાત, બગીચા રેસ્ટોરન્ટમાં સ્ટ્રોબેરી વિથ ક્રીમની મોજ બધાંએ માણી.

બીજા દિવસની સહુથી મોટી વિશેષતા હતી એક અદ્ભુત દૃષ્ટિહીન વ્યક્તિ ડૉ.ભાવેશ ભાટિયા સાથે મુલાકાત. શિલ્પાબેન અજાણીએ તેમના સેન્ટર સનરાઇઝ કેન્ડલ્સની મુલાકાતનું આયોજન કર્યું હતું જે મહાબળેશ્વરથી લગભગ અડધો કલાકના અંતરે છે.

ભારતના રાષ્ટ્રપતિઓ દ્વારા ૪ વખત રાષ્ટ્રપતિ પુરસ્કાર વડે સન્માનિત, ૧૮ રાષ્ટ્રીય પુરસ્કારો પ્રાપ્ત કરનાર, વિવિધ પેરાલિમ્પિક રમતોમાં ૧૧૭ મેડલ વિજેતા, ૮ ડોક્ટરેટ સાથે ડબલ એમએ, 'KBC' અને 'સત્યમેવ જયતે' માં ચમકનાર, એક સુપર સફળ ઉદ્યોગજક, કંઈ કેટલુંય! ફૂટપાથથી લઈને નામનાના ફલક સુધી, એક નાનકડાં ટેબલ-સ્પેસથી લઈને ૯૨ દેશોમાં નિકાસ કરવા સુધી, તેમની કહાની હિંમત, ધૈર્ય અને દ્રઢ નિશ્ચયની છે! તેમણે પોતાની નમ્રતાથી બધાને મંત્રમુગ્ધ કરી દીધા અને તેમની અત્યંત પ્રેરણાદાયક અને અસાધારણ જીવનકથાથી દરેકના હૃદયને ઊંડાણપૂર્વક સ્પર્શી ગયા. ખાસ તો, નાનાં-મોટા બધા સાથે ખૂબ જ આદરથી વર્તી, તેમને અવાચક બનાવી દીધા !!!

જ્યારે તેમને ખબર પડી કે આ મુલાકાતીઓ કચ્છી છે

**Rajvi Momaya, Minal Momaya**

A three-day trip to Panchgani and Mahabaleshwar, organized by the Divyang comittee was very well-planned and executed for all of us.

It clearly showed that the committee members put in a lot of effort and brainstorming before arranging the trip. Whether it was providing separate accommodations for families, ensuring a comfortable AC bus, or offering mineral water, every detail was thoughtfully taken care of.

There was no sense of obligation in any of these actions it was all done wholeheartedly. This, for me, is truly meaningful.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ





પંચગનીમા ઈકો ફ્રેન્ડલી હોળી

ત્યારે આ કચ્છી ભાટિયા સજ્જને તેમને કચ્છી ભાષામાં સંબોધન કર્યું. તેમની જીવનકથા સાંભળીને ઘણા દિવ્યાંગો અને ખાસ કરીને તેમના વાલીઓ/માતાઓ ભાવવિભોર થઈ રડી પડ્યા. તેમની વાત માત્ર પ્રોત્સાહક જ નહોતી પણ આત્મવિશ્વાસ પણ જગાડતી હતી અને ઘણાને પ્રેરણા આપતી હતી! તે સાંજે, રાત્રિભોજનમાં સ્વાદિષ્ટ પાવ ભાજી, દૂધી મુઠિયા, ટામેટા સૂપ અને મસાલા ભાતનો સમાવેશ હતો. રાત્રિભોજન પછી મનોરંજન રૂપે દિવ્યાંગો દ્વારા કળા પ્રદર્શન અને પ્રત્યેકના પરિચય બાદ હોળીની ઉજવણી કરવામાં આવી.

'ELECTRON' દ્વારા ઉત્પાદિત અને પ્રાયોજિત ઓર્ગેનિક, ઇકો ફ્રેન્ડલી gel, હોળી કલર પેક બધાને વિતરિત કરવામાં આવ્યા હતા. સમસ્ત મહાજન વતી બાથ ટુવાલ પણ ભેટ આપવામાં આવ્યા હતા.

અંતિમ દિવસની સવારના સૂર્યોદય સાથે જ બધા સ્વાદિષ્ટ જલેબી પાપડીનો નાસ્તો કરવા ભેગા થયા અને ત્યારબાદ પંચગની ખાતે છેલ્લો મેળાવો યોજાયો. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે બે અદ્ભૂત મહિલાઓ, સદાય સર્જનાત્મક નીના શામજી લોડાયા અને બહુ-આયામી પ્રતિભા ધરાવનાર કવિતા ખોનાનું સન્માન કરવામાં આવ્યું. પંચગની છોડી, વાઇમાં સ્વાદિષ્ટ શેરડીનો રસ પી, આ કાફલો કાત્રજ તીર્થ, પુણે તરફ રવાના થયું. કાત્રજમાં બપોરનું ભોજન ગોઠવવામાં આવ્યું હતું. ત્યારબાદ યાત્રીઓ દર્શન-પૂજા કરી, બપોરની ચા પછી મુંબઈ માટે રવાના થયા.

રાત્રિભોજન મુંબઈ પુણે એક્સપ્રેસવે પર ગ્રાન્ડ ફૂડ મોલમાં હતું. ત્યારબાદ બસે બધાને ઘાટકોપર પૂર્વ સ્ટેશન પર પાછા ઉતાર્યા, જ્યાં તેઓ ભેગા થયા હતા. આનંદ અને અદ્ભૂત અનુભવોથી ભરેલી અવિસ્મરણીય સંગતની મીઠી યાદો સાથે બધા પોત પોતાના સ્વ સ્થાને ગયા.



આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે હોનહાર દિવ્યાંગ કન્યાઓનું બહુમાન!

**Shaurya Maisheri, Yogini Maisheri**

KDO Divyang Samiti was very well organized we has a lot of fun for 3 days.

I must say that all the trips you have organized have always been memorable.

The food and gifts were very nice.

Thank you.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ

પંચગની-મહાબળેશ્વર યાત્રાના દાતાઓની ખૂબ ખૂબ અનુમોદના શ્રી હિતેશ મોતા (માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર)- ₹ ૧,૫૦,૦૦૦/-, શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા-₹ ૨૫,૦૦૦/.

અન્ય દાતાઓ : નીનાબેન અને નીતિનભાઈ સાયલા, દિવ્યા પદમ પોલડિયા, શ્રી મનીષભાઈ ખોના (નમન ટ્રાવેલ્સ), પલ્લવી લલિત ધરમશી, સરલાબેન લોડાયા, લતાબેન દંડ અને એક શુભેચ્છક.

શિલ્પાબેન અજાણીએ મહાબળેશ્વરના પ્રખ્યાત ચણા-શિંગ, ઓર્ગેનિક ગોળ અને crushed શિંગની ચીકી અને તાજી સ્ટ્રોબેરી બોક્સનું વિતરણ કર્યું હતું.

કલાકારો અને હાઉસી ગેમના વિજેતાઓને અપાયેલા રોકડ પુરસ્કાર પારૂલબેન મોતા દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યા હતા.

પ્રભાવના આપનારાઓમાં હંસાબેન પટેલ (હાથ ટુવાલ), અર્ચના કિશોર નાગડા-પુણે (નેપકિન્સ)) રેવંતીબેન દંડ (પાઉચ), કાત્રજ ખાતે સંઘ પૂજન નરેન્દ્રભાઈ દંડ, સરલાબેન ખોના, ભાવના લોડાયા અને રેવંતીબેનના પાડોશી દ્વારા કરવામાં આવ્યું હતું. બપોરની ચા ભરતભાઈ મોતા દ્વારા પ્રાયોજિત કરવામાં આવી હતી.

યાત્રાના પ્રારંભે આપવામાં આવેલ ગૂડીઝની જ્યુટ બેગ EAT ૮ દ્વારા પ્રાયોજિત કરવામાં આવેલ.

દિવ્યાંગ સમિતિના કાશ્મીરાબેન લૂઠીયા, નીનાબેન સાયલા,



રાજલક્ષ્મી આરોગ્યધામ

**Narendra Shah, Priti Shah, Bhavesh Shah, Binal Shah**

It was a memorable trip for me & my family, got to know all the wonderful people which increased my belief in never quit attitude!.....

I want to personally thanks kdo mahajan for this wonderful initiative for the divyaangs. Thank u all.

**નીના શામજી લોડાયા**

કાશ્મીરાબેન, શિલ્પાએ, નીનાબેન, ભાવનાબેન, મનીષભાઈ આપશ્રીની ટીમે ખૂબ જ જહેમત ઉઠાવીને ત્રણ દિવસના પર્યટનને યાદગાર બનાવ્યુ. નિર્સગ સૌદર્ય દેખાડીને અમારા મનને પ્રફુલ્લિત કર્યુ. સાથે ભાવતા ભોજન જમાડીને ચાર ચાંદ લગાવી દીધા. હરવા ફરવાની સાથે અમારી બેગ ભરીને નાસ્તા આપ્યા. તમારી અને દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ

શિલ્પાબેન અજાણી અને ભાવનાબેન લોડાયાએ પોતાની જવાબદારીઓને કુશળ રીતે નિભાવીને એકબીજા સાથે સુંદર સંયોજન કર્યું હતું. સ્વયંસેવકો નીતિનભાઈ સાયલા અને મનીષભાઈ લોડાયા મદદ કરવા માટે હંમેશા તૈયાર રહેતાં. રાજલક્ષ્મી આરોગ્ય ધામના માલિક દક્ષાબેન લોડાયાએ દિવ્યાંગોની દરેક જરૂરિયાત પૂરી થાય તે માટે ઘણો સહયોગ આપ્યો હતો, જેથી દિવ્યાંગો પંચગનીમાં આરામદાયક રોકાણ કરી શકયા. મેનેજર હરીશભાઈએ દરેક વ્યવસ્થા સંભાળી હતી.

દિપેશભાઈ મોમાયા (ભલારા કેટરર્સ) હેઠળ રસોડાના મેનેજર રમેશભાઈ દ્વારા દરેક ટંકે યાત્રીઓની ફરમાઇશોની કાળજી રાખવામાં આવી હતી. કાશ્મીરાબેન અને શિલ્પાબેને બસમાં ચઢી ન શકતા દિવ્યાંગો/વરિષ્ઠોની સુવિધા માટે કાર સાથે રાખી હતી.

દિવ્યાંગો અને તેમના માતાપિતા તરફથી મળેલા મૌખિક અને લેખિત પ્રતિભાવો



દેવ દર્શન, પૂજા





હોટલ રાજેશમાં indoor games

**Archita, Jinal**

Thank you so much for the amazing trip! all facilities are good and committee also helpful and cooperative.

The kids were overjoyed with all the wonderful gifts.

We are beyond grateful!

The food, location, and accommodations all are to good.

Loved every moment of it!

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ





હોટલ રાજેશમાં indoor games

તેમના અનુભવનું ઘણું ઊંડાણપૂર્વક વર્ણન કરે છે.

કચ્છ મુન્દ્રા તથા વડોદરા થી પણ પર્યટનમાં સામેલ થવા દિવ્યાંગો આવેલ.

આ પર્યટન ખાસ દિવ્યાંગોનું છે એમ સાંભળતા જ બસવાળા, આરોગ્ય ધામ વાળા, હોટલવાળા અને ટોલ ઓથોરિટી સહુએ અત્યંત વ્યાજબી દરે લગાડ્યા. મહાબળેશ્વરમાં તો દિવ્યાંગ સમિતિનું બેનર જોતા જ પૂર્ણ entry tax માફ કરી આપવામાં આવ્યો.



રાસ રમતા દિવ્યાંગ રસિકો



દિવ્યાંગોનું સ્પેશિયલ સરભરાસભર લંચ-હોટલ રાજેશમાં

**Prashant Dand**

A three day panchgini mahabalesvar trip very Anjoy nice to meet you.

Ham hase to khushi aapko milti hai hamare har dard ki dava aapke paas milti hai.

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કે.ડી.ઓ.દિવ્યાંગજનો માટે ત્રિદિવસીય મહાબળેશ્વર-પંચગની-કાત્રજનો યાદગાર યાત્રા પ્રવાસ





ભેટ-સોગાદો













દિવ્યાંગ કલાકારોનું કળા પ્રદર્શન



ઘોડાગાડીની સાહસિક સફર- 'ટેબલ લેન્ડ' પર



દિવ્યાંગોને ડોક્ટર ભાવેશ ભાટિયાનો પર્સનલ ટચ!




શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

# MANAGING COMMITTEE

## ELECTION ANNOUNCEMENT 2025-2027

**FORM FILLING / SUBMISSION**
**DATE: 27th MARCH 2025**
**TIME: 08.00 PM TO 09.00 PM**

**FORM WITHDRAWAL / FINAL CANDIDATE LIST**
**DATE: 28th MARCH 2025**
**TIME: 08.00 PM TO 09.00 PM (WITHDRAWAL)**

## DATE OF ELECTION

**SUNDAY, 30th MARCH 2025**
**TIME: 10.00 AM TO 01.00 PM**

**VENUE: VLVG HOSTEL, GHATKOPAR**


## ELECTION COMMISSIONER

**Smt. Chandni Paresh Lalka**

# શ્રી વરાડીયા ક.દ.ઓ.જૈન મહાજન સંચાલિત નવા અતિથિગૃહનું ભૂમિપૂજન સંપન્ન









તા.૧૦ માર્ચ સોમવારના રોજે ચાતુર્માસ નિશ્રા પ્રદાન કરનાર પ.પૂ.મુનિરાજ શ્રીહિતવર્ધનસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયાના સથવારે સ્થાનિકો તથા બહારગામથી પધારેલ દાતા પરિવાર ભાવિકોની હાજરીમાં રૂડી રીતે સંપન્ન થયું.

૩ વિંગમાં ૧૨ રૂમવાળા પ્રસ્તાવિત અતિથિગૃહના ભૂમિપૂજનમાં નિમ્નલિખિત દાતાશ્રીઓના કુટુંબીજનો તથા ચાર ટ્રસ્ટીઓ હાજર રહ્યાં હતાં.

૧) મુખ્ય દાતા ગેટ ઉપર નામ રૂા.૫૧ લાખ સ્વ.સૌ.ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી પરિવાર હુબલી (હાજર મેનેંજીગ ટ્રસ્ટી તિલકચંદ વિકમશી સહ ૪ પરિવારજનો)

૨) ગ્રાઉન્ડ ફ્લોર પરની બી વિંગને નામ રૂા.૨૧ લાખ મધુ લહેર વિંગ શા.લહેરચંદ રતનશી પાસવીર ડાઘા ભાંડુપ (હાજર માતુશ્રી મધુબેન લહેરચંદ ડાઘા તથા ટ્રસ્ટી નલિન રતનશી ડાઘા)

૩) એ વિંગના દાતા રૂા.૧૫ લાખ મધુ શીલા વિંગ માતુશ્રી મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા તથા સૌ. શીલાબેન ભરત હંસરાજ ડાઘા-સાયન-માટુંગા-મુલુંડ (હાજર હેમંત ભરત પરિવાર ૩ જણ)

૪) એક રૂમ ફર્નિચર વિના રૂા.૫ લાખ માતુશ્રી મણિબાઈ વેલજી ડોશાભાઈ ડાઘા (હાજર ટ્રસ્ટી દીપક ગંગાજર ડાઘા) માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા (હાજર ટ્રસ્ટી પદમ લાલજી લોડાયા પરિવાર ૨ જણ)

૫) એક રૂમ માટે ફર્નિચર ફીક્ષયર્સ રૂા.૨.૫૧ લાખ માતુશ્રી કસ્તુરીબાઈ હંસરાજ પરબત લોડાયા (હાજર જિતેન્દ્ર હંસરાજ લોડાયા)





# કે.ડી.ઓ. કલાસિક આયોજિત અયોધ્યા-બનારસ યાત્રા : ભક્તિ, સંસ્કૃતિ અને અનન્ય અનુભવોનું સમન્વય









કે.ડી.ઓ.કલાસિકના પ્રમુખ શ્રી મુકેશભાઈ મૈશેરી અને આયોજન સમિતિના સંયોજન હેઠળ અયોધ્યા-બનારસ યાત્રા તા.૭ માર્ચ થી તા.૧૧ માર્ચ ૨૦૨૫ દરમ્યાન એક અત્યંત ભાવસભર અને યાદગાર અનુભવ બની. કે.ડી.ઓ. કલાસિક સોસાયટીના સભ્યોએ આ યાત્રા દ્વારા માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને સામૂહિક એકતા સાથે ભક્તિનો પરિચય મેળવ્યો.

યાત્રા દરમિયાન શ્રાવસ્તી, અયોધ્યા, ચંદ્રપુરી, વારાણસી અને પ્રયાગરાજ જેવા પવિત્ર સ્થળોએ દર્શન અને સેવા પૂજા કરવાનો અદ્ભૂત અનુભવ થયો. અયોધ્યામાં શ્રી રામ મંદિર, હનુમાન ગઢી અને શ્રી અજિતનાથ સ્વામીના ઓગણીસ કલ્યાણક જિનાલયના દર્શનથી ભક્તિભાવ પ્રબળ થયો. વારાણસીમાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના ચાર કલ્યાણક સ્થળો, કાશી વિશ્વનાથ અને કાલભૈરવ મંદિરના દર્શન સાથે ગંગા આરતી અને બોટ રાઈડનો દિવ્ય અનુભવ થયો. ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન અને અક્ષયવટના દર્શને યાત્રાના આધ્યાત્મિક મૂલ્યોને વધુ ગાઢ કર્યા.

આ યાત્રામાં માત્ર ધાર્મિક પરંપરાઓ જ નહીં, પરંતુ સ્થાનિક સંસ્કૃતિ, વૈવિધ્યસભર ભોજન અને શોપિંગનો પણ આનંદ માણ્યો. વારાણસીની પ્રખ્યાત ચાટ, મલાઈઓ અને પાનના સ્વાદ સાથે ત્યાંની હસ્તકલા, રેશમની સાડીઓ અને પૂજા સામગ્રીની ખરીદી દ્વારા યાત્રાની યાદોને મજબૂત બનાવવામાં આવી.

શ્રી મુકેશભાઈ મૈશેરી અને કે.ડી.ઓ. કલાસિકની આયોજન સમિતિના સશક્ત નેતૃત્વ હેઠળ આ યાત્રા ખૂબ જ સુસંગત અને સુખદ બની. ૩૯ કલ્યાણક સ્થાનો, રામ મંદિર અને કાશી વિશ્વનાથના પવિત્ર દર્શન દરેક યાત્રાળુ માટે એક અનન્ય અનુભવ સાબિત થયા.

આ યાત્રા માત્ર એક પ્રવાસ નહી, પરંતુ ભક્તિ, ભાઈચારો અને પવિત્ર પરંપરાઓનો એક દિવ્ય સમાગમ બની રહી, જે દરેકના હૃદયમાં અવિસ્મરણીય અને યાદગાર બની રહી.

# કેડીઓ ક્લાસિકના સભ્યોએ અભય પ્રભાવના મ્યુઝિયમ લોનાવાલાની યાત્રા કરી જૈન ધર્મ અને ભારતીય વારસાની ઝલક મેળવી




તા.૧ માર્ચ શનિવારના રોજે શ્રી કેડીઓ ક્લાસિકના પ્રમુખ મુકેશ મૈશેરીના નેતૃત્વમાં સૌ સભ્યો લોનાવાલા નજીકના અભય પ્રભાવના મ્યુઝિમની યાત્રા કરી. જે સૌ માટે જૈન ધર્મની ઊંડાણપૂર્વક સમજ મેળવવા માટે એક નિર્વિવાદ રીતે મહત્વપૂર્ણ અને અવિસ્મરણીય અનુભવ રહ્યો. માનવજાતના મૂલ્યો અને જૈન ધર્મના તત્વજ્ઞાનની વ્યાખ્યા કેવી રીતે સમય સાથે વિકસી છે તે જાણવાનો એક વિશાળ દ્રષ્ટિકોણ મળ્યો.



અભય પ્રભાવના મ્યૂઝિમ સમગ્ર ભારતનું સૌથી વિશાળ જૈન ફિલોસોફી મ્યૂઝિયમ છે જે ૫૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે. આ મ્યુઝિયમ જૈન ધર્મની પાયાની સંકલ્પનાઓ, તત્વચિંતન અને તેનું વૈજ્ઞાનિક દર્શન સમજાવે છે. એવું માનવામાં આવે છે કે એ જૈન ફિલોસોફી પર ધ્યાન કેન્દ્રિત કરતું સૌથી મોટું મ્યુઝિયમ હશે.

પ્રવાસ દરમ્યાન સભ્યો વિવિધ વિભાગો જેમ કે 'ટાઈમલેસ વિઝડમ', એવોલ્યુશન ઓફ કલ્ચર એન્ડ હિસ્ટ્રી', 'પાથ ટુ હેપ્પીનેસ' અને 'ઓપન એર હેરિટેજ વોક'ની મુલાકાત લીધી અને ગહનતાપૂર્વક નિરીક્ષણ કરી સમજણ પ્રાપ્ત કરી. એવો લ્યુશન ઓફ કલ્ચર એન્ડ હિસ્ટ્રી વિભાગમાં જૈન ધર્મની શરૂઆતથી લઈને આધુનિક યુગ સુધીની યાત્રાને દ્રશ્ય રૂપે રજૂ કરવામાં આવી. જેમાં પ્રાચીન સિધ્ધાંતો, તપશ્ચર્યાના વિવિધ પ્રકારો અને જીવન જીવવાના સિધ્ધાંતો વૈજ્ઞાનિક વ્યાખ્યાઓની સાથે જોડીને સમજાવવામાં આવ્યાં છે.

આ પ્રદર્શન દ્વારા જૈન ધર્મ અને તેના જીવન મૂલ્યોના વિકાસને એક સરળ અને રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યો છે. જેથી દરેક વયના અને વિવિધ પુષ્ઠભૂમિના લોકો માટે તે સમજવા સરળ બની રહે. પાથ ટુ હેપ્પીનેસ વિભાગ ખાસ કરીને સભ્યો પર ઊંડો પ્રભાવ પાડ્યો કેમ કે તેમાં વ્યક્તિગત શાંતિ, સાધના અને આધ્યાત્મિકતાના તત્વો વિશે વિજ્ઞાન અને તત્વજ્ઞાનના સમન્વયથી વિસ્તૃત સમજણ આપવામાં આવી છે.

આ યાત્રા માત્ર એક પ્રવાસ નહીં પણ એક શિક્ષણપ્રદ અને આત્મસાતી અનુભવ બની રહ્યો હતો. અભય પ્રભાવના ગ્રુપે આ અભૂતપૂર્વ પ્રદર્શન દ્વારા જૈન ધર્મના આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક પાસાને એક અનોખી ઋજુતાથી રજૂ કર્યા. જેના માટે તેમની મૂલ્યવાન કદર કરવી યોગ્ય ગણાય.

કેડીઓ ક્લાસિકના દરેકે દરેક સભ્યો માટે આ પ્રવાસ અત્યંત સંતોષકારક અને જ્ઞાનવર્ધક રહ્યો. જે સમય આપવાને સંપૂર્ણપણે લાયક હતો. આ મ્યૂઝિમ કોઈપણ ભારતીય સંસ્કૃતિ અને તત્વજ્ઞાનમાં રસ ધરાવતી વ્યક્તિ માટે એક અનિવાર્ય યાત્રા સ્થળ છે. જે ભવિષ્યની પેઢીઓને જૈન ધર્મના આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો વિશે પ્રેરણા આપતું રહેશે.

II Shree Shankheshwar Parshwanathay Namah II

# JAIN SOCIAL GROUP - MULUND
# જૈન સોશ્યલ ગ્રુપ - મુલુંડ

ISO 20121:2012

101, Safalya, 1st Floor, Near Jain Temple, Dr. Ambedkar Road, Mulund (West), Mumbai - 400 080.
Whatsapp No.: 93263 85595, Email jsg.mulund@gmail.com







## JSGian જયંતીલાલ મૈશેરી, મુલુંડ
## બેસ્ટ ગ્રુપ - ગોલ્ડ મેડલ વિજેતા
## KDO સમાજનું ગૌરવ અને ગર્વભર્યું વ્યક્તિત્વ

જૈન સોશિયલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશન દ્વારા સમગ્ર ભારત વર્ષમાં **૨૦૨૩-૨૫** ના **બેસ્ટ ગ્રુપ એવોર્ડ** થી **શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી** JSG મુલુંડ (બોમ્બે રીજન)થી સન્માનિત થયા છે.

ફેડરેશનના ભારતમાં ૧૩ રિજન અને લગભગ ૫૦૦ + ગ્રુપો છે. દર બે વર્ષે, ઉત્કૃષ્ટ કામગીરી માટે વિવિધ ગ્રુપોને માનસન્માન અને એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

## ઉપલબ્ધિ :

- ૪ ક્વાર્ટર ગોલ્ડ મેડલ
- ૧ ક્વાર્ટર સિલ્વર મેડલ
- ૧ ડાયમંડ પિન
  (લગાતાર ૩ ગોલ્ડ જીત્યા હોવાથી)
- ૫૦૦ + ગ્રુપમાંથી "બેસ્ટ ગ્રુપ"
  1st પ્રાઇઝ-JSGIF Eminence Award




આ વર્ષે આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારંભ ઇન્દોર શહેરમાં ભવ્યતાથી યોજાયો, જ્યાં જૈન સોશિયલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશનના **પ્રથમ સેવક શ્રી અમિષભાઈ દોશી** અને ઇન્દોર ટીમની ઉપસ્થિતિમાં **JSG - Mulund** ને **ગોલ્ડ મેડલ** એનાયત કરવામાં આવ્યો.

**આ ભવ્ય સિદ્ધિ મેળવ્યા બદલ પ્રમુખશ્રી અને તેમની સમગ્ર ટીમ સહ સર્વે JSG ના સભ્યો ગૌરવ અનુભવે છે.**

**ઉપરોક્ત સિધ્ધી પ્રાપ્ત કર્યા બદલ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ પણ ગૌરવ અનુભવે છે.**

*With Compliments From :*

**Jayant Chheda** (Gujarmat)

*Walk Together, Talk Together, Act with One Mind.*

# શ્રી રચના મહિલા મંડળનો ૩જો પ્રોગ્રામ યોજાયો






શ્રી રચના મહિલા મંડળનો ૩જો પ્રોગ્રામ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના દિવસે દેવપુંજ હોલમાં બપોરે ત્રણ વાગે હંસાબેન કારિયાની સંગાથે ઉજવાયો. ગ્રહો સાથે દાનનું મહત્વ તથા તેનાથી થનારા ફાયદા વિશે ખૂબ જ સરળતાથી અને સૂક્ષ્મતાથી જણાવ્યું. આજની નારી ઘરના કામથી લઈ આકાશને આંબી રહી છે તેની ઝલક ૧૧ મેમ્બરોએ ભાગ લઈ અને નારીના વિવિધ સ્વરૂપો બતાવ્યા. હંસાબેન કારીયા એ જજનો રોલ ખૂબ સરસ રીતે નિભાવ્યુ તેમજ કમિટીના મેમ્બરોએ ભારત દેશના વિવિધ રાજ્યોને અનુરૂપ પોશાક પહેરીને મહિલા દિનની ઉજવણી હર્ષ ઉલ્લાસ સાથે કરેલી. જેમાં ૬૧ મેમ્બરોએ ભાગ લીધેલ. ઇનામોની વણઝારોની સાથે ચટપટા તથા મીઠા મધુર નાસ્તાને ન્યાય આપી સૌ છુટ્ટા પડ્યા.



# Anumodana

## Sanjivani Case - 174

| Name: Mrs. Heeraben Vijay Lodaya | Age : 77 yrs. | Village: Varapadhar - Bhandup |
|---|---|---|

| Individual Donors | |
|---|---|
| Previous case No. 160 Balance | 9,403.00 |
| Previous case No. 166 Balance | 50,000.00 |
| Previous case No. 168 Balance | 3,700.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 175

| Name: Mr. Sanjay Javerchand Lodaya (Jain) | Age : 49 yrs. | Village: Daltungi - Hubli |
|---|---|---|

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 35,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur- Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO jain Gnati Mahajan, Hubli | 25,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. ( Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,51,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Siddharth Lodaya | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust | 5,000.00 |
| Shri Manojkumar Laxmichand Kuruwa, bayath - kuwait | 5,000.00 |
| Shri Karan Girish Meisheri | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayra - Raipur | 2,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Jay Manikant Poladiya, Bayath - Pune | 1,000.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Malkapur | 500.00 |
| Shrimati Jagruti Patel | 500.00 |
| Shri Shrikant Bankimchand Shah (Lodaya), Raichur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮
મુંબઈ ઓફીસ : યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧,
યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેમ્બુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

**શ્રી ભલારાદાદાની ૩૫મી સમુહ પહેડી ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા રવિવાર તા.30-3-૨૦૨૫ના**
**મેવાડ કેસરી ભવન, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ - ૪૦૦ ૦૭૮.**
**ચેતના હરિયા અને સાથી કલાકારો ભક્તિ સંગીતની રમઝટ બોલાશે. સર્વ ભાવિકોને સાધર્મિક પહેડી પ્રસાદ અને દર્શન વંદનનો લાભ લેવા વિનંતી.**

**પહેડી પ્રસાદના મુખ્ય લાભાર્થી**

## શ્રી ભલારા ભાવિક પુનમ મંડળ

### -: પહેડીના કાર્યક્રમની રૂપરેખા :-

**સાંજે ૪.૦૦ વાગ્યાથી શ્રી ભલારાદાદાની તેમજ કુંભ સ્થાપના**

**સાંજના ૫.૧૫ થી ૫.૪૫ સુધી : શ્રી ભલારાદાદાની પહેડી જુહારવી**
**(સહકુટુંબ સમુહ પહેડીના લાભાર્થી પરિવારોને વાજતે-ગાજતે પહેડી જુહારવાનો લાભ મળશે)**

**સાંજના ૬.૦૦ કલાક : શ્રી ભલારાદાદાની પ્રથમ આરતી**

**સાંજના ૬.૧૫ કલાકથી : શ્રી ભલારાદાદાના દર્શન તેમજ ભોજન પ્રસાદ પછી ચાવિહારની વ્યવસ્થા રાખેલ છે**

**રાત્રે ૮.30 કલાકે : મંગલ આરતી**

**વેલેટ પાર્કિંગ તથા યુટ્યૂબ લાઈવ રીલેની વ્યવસ્થા કરવામાં આવશે.**

### લાલપુર સ્થાને ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૧૦,૧૧ અને ૧૨ એપ્રિલ ૨૦૨૫ના ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

ધ્વજા મહોત્સવના ત્રણ દિવસના આયોજનમાં જે પણ ભાવિકોની ઈચ્છા હોય તેમને પ્રથમ દિવસના રૂા.૧,૦૦,૦૦૦, બીજા દિવસના રૂા.૧,૦૦,૦૦૦ અને ત્રીજા દિવસના રૂા.૧,૦૦,૦૦૦ પ્રમાણે નકરો ભરી સાધર્મિક ભક્તિનો લાભ લઈ શકશો.

**લાલપુર સ્થાનકમાં થતી પૂજા માટેના વાર્ષિક નકરાઓ નીચે પ્રમાણે વહેલો તે પહેલોના ધોરણે લાભ અપાશે.**

**પક્ષાલ પૂજાના રૂા.૧,00,000/-, તિલક પૂજા રૂા.૧,00,000/-, અખંડ દીપ રૂા.૧,૨૫,000/-**
**ધૂપ આરતી રૂા.૧,00,000/-, પહેડી પ્રસાદ રૂા.૧,૨૫,000/-, આરતી રૂા.૧,૨૫,000/-,**
**શુક્રવારની પ્રસાદી રૂા.૧,૨૫,000/-, ક્ષેત્રપાળ દાદા રૂા.૧,૨૫,000/- નવગ્રહ પૂજા રૂા.૧,૨૫,000/-**

વધુ વિગત માટે સંપર્ક : **સંપર્ક : કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮**

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર સર્વે ટ્રસ્ટીઓ વતીથી**

# શ્રી સમસ્ત મહાજનની પ્રેરક હાકલને પગલે અમદાવાદ મધે જ્ઞાતિ ચિંતન શિબિર ૧ નું આયોજન

આપણી જ્ઞાતિના અનેક જટિલ પ્રશ્નો આજની જીવનશૈલી અને માનસિકતાના ફેરફાર સાથે ઉદભવી રહ્યા છે.

ખાસ કરીને છૂટાછેડા, છોકરા-છોકરીઓના સગપણ અને જન્મદરના ઘટાડા જેવા મુદ્દાઓના કેવલ વ્યકિતગત જીવન પર, પણ સમગ્ર જ્ઞાતિની રચના પર પણ અસર કરે છે.

૧. છૂટાછેડા સંબંધો સાચવવા કરતા, તૂટવા માટે વધુ તૈયાર છે.

''જે પ્રેમ પહેલા જીવનભરનો વચન હતો, તે હવે અનુકૂળતા સુધીની વ્યવસ્થા બની ગયો છે.''

આજની પેઢી માટે સંબંધો સ્વતંત્રતાની ભાવના અને વૈયક્તિક પસંદગીઓ પર વધારે આધાર રાખે છે. માનસિક, આર્થિક અને સામાજિક દબાણ વચ્ચે, દાંપત્ય જીવન સહજતા ગુમાવી બોજ બનવા લાગ્યું છે. વેડફી શકાય તેવી વસ્તુઓની જેમ હવે સંબંધો પણ 'પસંદ ન આવે તો બદલી નાખો'વાળી માનસિકતાથી ચલાવવામાં આવે છે. સહનશીલતા ઘટી છે, સંવાદ ઘટ્યો છે અને અંતે છૂટાછેડા વધારે પડતા સામાન્ય બની રહ્યા છે અને તેના માટે ખોટી માંગણીઓ કરવામાં આવી રહી છે.

૨. જ્ઞાતિના દીકરા દીકરીઓના સગપણ પ્રેમ મફત છે, પરંતુ સંબંધો ખર્ચાળ બની ગયા છે

''સગપણ હવે બે લોકોની સમજણનું પરિણામ નથી, પણ પરિવારોની મંજુરી અને સામાજિક પરિસ્થિતિઓના ગણિતિક હિસાબ પર નિર્ભર છે.''

ખાસ કરીને શહેરો માં વસવાટ કરતા દીકરી દિકરાઓની પહેલી પસંદગી શહેરોમાં વસવાટ જ જોઈએ છે.

કેડીઓ જ્ઞાતિના સભ્યો ભારતના દરેક રાજ્યમાં અને નાના શહેરો અને કચ્છના ગામોમાં પણ વસવાટ કરે છે. ત્યારે મોટા શહેરો સિવાયના દીકરા દીકરીઓના સગપણ માટે માતા પિતાને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

૩. જન્મદર નીચો આવવો જીવન જીવવું મુશ્કેલ હોય, ત્યારે નવજીવન લાવવાની ઇચ્છા પણ ઓછી થઈ જાય

''સાંભળવામાં તો આવે છે કે દેશ જનસંખ્યા ફાટફાટ વધી રહ્યો છે, પણ આપણાં કેડીઓ જ્ઞાતિમાં જન્મદર બહુ તીવ્રતાથી નીચે આવી રહ્યો છે. વાસ્તવમાં જોવામાં આવે તો યુવા પેઢી માટે બાળકોનો ભવિષ્ય સુરક્ષિત કરવાનો દબાણ ઊંડો ઊંડો લાગી રહ્યો છે.''

આજના યુવાનો માટે આર્થિક સ્થિરતા મેળવવી જ મોટો પડકાર છે. મોંઘવારી, નોકરીની અસુરક્ષતા અને જીવનશૈલીના વધતા ખર્ચને કારણે, ઘણા યુગલો માટે સંતાનપ્રાપ્તિ હવે વૈકલ્પિક વિચારણા બની ગઈ છે. પરણ્યા પછી તરત બાળકો ન કરવાના નિર્ણય પાછળ શારીરિક, માનસિક અને આર્થિક કારણો જવાબદાર છે.

અંતિમ વિચાર પરિબળો બદલશો તો સમાજ બદલાશે

સમાજ સતત પરિવર્તનશીલ છે, અને તેનાથી ઉદભવતા પ્રશ્નોનું સમાધાન માત્ર દોષારોપણથી નહીં, પણ સમજણ અને ઉકેલ શોધવાની દૃઢતાથી જ શક્ય છે.

તો આવો આવા જટિલ પ્રશ્નોના નિરાકરણ માટે આપણે સૌ ભેગા મળી રસ્તો શોધીએ.

તા.૧૨ એપ્રિલ ૨૦૨૫ શનિવારના સવારે ૧૦ થી સાંજે ૫ કલાકે દરમ્યાન અમદાવાદ મુકામે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ પ્રશ્નોનું નિરાકરણ અને સમૃધ્ધિ માટે શિબિર યોજવાની હાકલનો પ્રતિસાદ આપતા શ્રી પશ્ચિમ એકમ અને શ્રી કચ્છ એકમના સંયુક્ત સંચાલિત જ્ઞાતિ પ્રશ્નોનું નિરાકરણ અને સમૃધ્ધિ માટેનો મંચ જ્ઞાતિ ચિંતન શિબિર-૧નું આયોજન કરાયું છે.

આપણી જ્ઞાતિના જટિલ પ્રશ્નો ખાસ કરીને છૂટાછેડા, છોકરા છોકરીઓના સગપણ અને જન્મ દરના ઘટાડા જેવા મુદ્દાઓ જે સમગ્ર જ્ઞાતિને વ્યાપ અસર કરે છે. તેનું નિરાકરણ લાવવા શું ઉત્તમ યોજના કરી શકાય એ બાબતે વ્યાપક ચર્ચા વિચારણા કરાશે.

આ શિબિરમાં શ્રી પશ્ચિમ એકમ તથા શ્રી કચ્છ એકમના ક્ષેત્રમાં આવતા શહેરો અને ગામડાના ઉચ્ચ પદાધિકારીઓ, મહિલા મંચ તેમજ યુથ ફોરમના યુવાનોને પધારવાનું ખાસ આમંત્રણ છે. વિગતવાર માહિતી ટૂંક સમયમાં જણાવવામાં આવશે.

વધુ વિગત માટે સંપર્ક શ્રી પશ્ચિમ એકમમાં કમલેશભાઈ દંડ-૯૮૨૫૦૪૨૨૦૮, રાજેશ ધરમશી-૯૯૨૫૦૩૮૮૯૬ તથા શ્રી કચ્છ એકમના મહેશભાઈ લાલકા-૯૮૨૫૨૮૭૫૫૫ અને લહેરચંદભાઈ ખોના-૯૮૨૫૧૩૮૧૦૩.

આગામી જ્ઞાતિ ચિંતન શિબિર-૨ દક્ષિણ એકમ, જ્ઞાતિ ચિંતન શિબિર-૩, ઉત્તર ભારત એકમ, જ્ઞાતિ ચિંતન શિબિર-૪ મહારાષ્ટ્ર એકમ, જ્ઞાતિ ચિંતન શિબિર-૫ મુંબઈ મહાજનના કાર્યક્રમની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે.

# સૌ ગુણવંતીબેન જયંતીલાલ લધાભાઈ મોમાયા પરિવાર દ્વારા નવનિર્મિત કરાયેલ વરાડીયા બસ સ્ટેશનનું લોકાપર્ણ કરાયું





તા.૯ માર્ચ રવિવારના રોજ વાવાઝોડામાં ધ્વંશ થયેલ વરાડીયા ગામના બસ સ્ટેશનને સૌ. ગુણવંતીબેન જયંતિલાલ લધાભાઈ મોમાયા પરિવાર વરાડીયા-બેંગ્લોર દ્વારા પુત્ર સ્વ.હરીશભાઈ મોમાયાની પુણ્ય સ્મૃતિમાં નવનિર્માણ કરી આપેલ છે. જેનું અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા તથા વરાડીયા જૈન મહાજનના પ્રમુખ તિલકચંદ વિકમશીના હસ્તે લોકાર્પણ કરાયું. આ પ્રસંગે પ.પૂ.મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની પાવન નિશ્રા મળી હતી.

કાર્યક્રમમાં ભાજપના અબડાસા તાલુકા પ્રમુખ જયદીપ સિંહ જાડેજા, અબડાસા તાલુકાના પંચાયત પ્રમુખ મહાવીર સિંહ જાડેજા, અબડાસા સરપંચ સંગઠનના પ્રમુખ પરેશભાઈ ભાનુશાલી, અબડાસાના પૂર્વ વિધાનસભ્ય ઈબ્રાહ્મ મંધરા, વરાડીયાના સરપંચ અછમલશા પીરઝાદા, ભાજપ અગ્રણી અરવિંદભાઈ લોડાયા-મોટી સિંધોડી તથા મોથાળા સરપંચ ઈત્યાદી મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. પધારેલ સૌ મહેમાનોનું સન્માન કરવામાં આવેલ. પ.પૂ.મહારાજ સાહેબ એ આર્શીવચન આપેલ.

બસ સ્ટેશનમાં આગળ બે કંપાર્ટમેન્ટમાં બેસવાની વ્યવસ્થા છે તથા પાછળ નાનો અવાડો છે.

આ પ્રસંગે વરાડીયા દેરાસરના ટ્રસ્ટીઓ દીપક ડાઘા, પદમ લોડાયા, નલિન ડાઘા, નટુભા, મીઠુભાઈ તેમજ સ્થાનિકો તેમજ બહારગામથી પધારેલ મહેન્દ્રભાઈ વીકમશી અનુપમા વિકમશી, વસંત પટેલ, જિતેન્દ્ર લોડાયા તથા બહોળી સંખ્યામાં ગામવાસીઓ હાજર રહ્યાં હતાં.




દીપક ડાઘાએ લાભાર્થી પરિવાર જયંતીલાલ લધાભાઈ મોમાયા પરિવારની માહિતી આપીને અનુમોદના કરી હતી.

# કારંજા સંઘમાં ફાગણ તેરસની આરાધના ભવ્યતા સાથે કરાઈ





કારંજા સંઘમાં ફાગણ તેરસની ધર્મ ભાવ સાથે આરાધના ભવ્ય રીતે કરાઈ. જેમાં સંઘની ભાવિક શ્રાવિકાઓ સહભાગી થઈ ધન્ય લાભ લીધો હતો.






શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ



KDO SANJIVANI

કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# સંજીવની કેસ નં.૧૭૬ માટે જરૂરી રૂા.૨ લાખ જમા કરવાનો પડકાર ઝિલીએ

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 176**

**DONATION NEEDED!**

**Mrs HEENA VIRCHAND SHAH (DHARAMSHI)**

**Age 49 yrs, Pune, Kutch -Suthari**

**Need to undergo Emergency Surgery known as Ureteroscopy with Retrograde Intrarenal surgery to remove obstructed kidney stones Suffering from Hydroureteronephrosis.**



**DONATION REQUIRED**
**Rs 2 LAKH**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

કચ્છ સુથરી-પુનાના ૪૯ વર્ષીય શ્રીમતી હિના વીરચંદ શાહ ધરમશીને ડાબી બાજુના મૂત્રમાર્ગમાં કિડનીનો પથરીને કારણવશ ઈર્મજન્સીમાં હોસ્પિટલાઈઝ કરવા પડ્યા છે. તેઓની બંન્ને મૂત્ર માર્ગમાં હાઈડ્રોયુરેટરોનફ્રોસિસ પથરી દૂર કરવા માટે યુરેટરોસ્કોપી (યુ.આર.એસ) અને રેટ્રોગ્રેડ ઈન્ટ્રારેનલ સર્જરી તરીકે ઓળખાતી શસ્ત્રક્રિયા કરવી પડશે. જે માટે સારવાર માટેનો અંદાજિત ખર્ચ રૂા.૨ લાખ અપાયો છે.

હિનાબેન ધરમશી વૃધ્ધ માતા અને પુત્રી સાથે રહે છે. દર્દી અને પુત્રી જીવન ગુજરાન માટે ઘર બેઠે ટ્યુશન લે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી ઈન્સ્યુરન્સનું કોઈ પીઠબળ. કપરા પરિસ્થિતિમાં આવી જવાથી તેઓ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત અરજી કરી છે. જેને સાનુકૂળ પ્રતિસાદ આપી આપણી માનવતા તરીકેની ફરજ બજાવીએ. સૌના સહયોગના બળથી આપણે હિનાબેનનો આધાર બની તેમને વહેલી તકે મદદ પહોંચાડી. સાથ આપીએ અને સંવેદના બતાવીએ.

માનવતા લક્ષી આ સેવાયજ્ઞ કાર્યમાં રૂા.૬૫ હજારની ઉમદા મદદ માતુશ્રી રતનબાઈ નરશી ધરમશી, માતુશ્રી કસ્તુરબાઈ વિશનજી ધરમશી (સુથરી-મુલુંડ) હસ્તે એચ.ડી.ફાયર પ્રોટેક્ટ પ્રા. લિમિટેડ સંજીવની સમિતિના એનરલ્ડ પેટ્રન તરફથી કરાઈ છે. જે બદલ મેડિકલ સમિતિ દાતા પરિવારની અનુમોદના કરે છે.

॥ શ્રી ભલારા દાદાય નમઃ ॥

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપૂર

દ્વારા આયોજીત

## શ્રી ભલારા દાદાની ૩૫મી સમૂહ પહેડી મુંબઈમાં

### શ્રી ભલારા ભાવિક પુનમ મંડળ પહેડીના મુખ્ય દાતાશ્રીઓ

૧) માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપર ગઢવારી-કચ્છ)
૨) માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા
હસ્તે : અ.સૌ. હસુમતી હીરાલાલ ડાઘા (વરાડીયા-માટુંગા)
૩) કુ. ઈન્ડિયા, સિડની બેલા મયુર ધુલ્લા મોતા (ઓસ્ટ્રેલિયા)
હસ્તે : અ.સૌ. મીનાબેન ચીમન મોતા (તન-મન ટુર)
૪) માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા (બાંડીયા-ભાંડુપ)
(5 Star Catering)
૫) શ્રી ધનજીભાઈ લખમશી ધુલ્લા પરિવાર (કોઠારા-મુલુંડ)
૬) અ.સૌ. ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી દંડ (નલીયા-ડોંબિવલી)
૭) શ્રી જીતેન્દ્રભાઈ રતીલાલ નાગડા (બાયઠ-ઘાટકોપર)
૮) માતુશ્રી મણીબેન વાલજી ખોના (શાહ) પરિવાર (સાંઘવ-દાદર)
૯) માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (સાંઘવ-મુલુંડ)
૧૦) અ.સૌ. દમયંતીબેન વિરચંદ લોડાયા (રાપર ગઢવારી-મુલુંડ)
૧૧) અ.સૌ. અનિતાબેન ભરતભાઈ લોડાયા (મોટી સિંધોડી-મુલુંડ)
૧૨) માતુશ્રી વિજયાબેન કુંવરજી લોડાયા (રાપર ગઢવારી-ભાંડુપ)
૧૩) અ.સૌ. જયાબેન ચીમનલાલ મોમાયા (વરાડીયા-ભાંડુપ)
૧૪) શ્રી વિશાલ સુરેશભાઈ મોમાયા (નલિયા-મુલુંડ)
૧૫) માતુશ્રી વાસંતીબેન કુલીનકાંત મોમાયા (વરાડીયા)
હસ્તે : D.B. Travels, Mulund
૧૬) અ.સૌ. અનુપમાબેન વિરચંદ દંડ (કોઠારા-મુલુંડ)

**શુભ દિવસ :** રવિવાર તા. 30–03–૨૦૨૫
**સમય :** બપોરે ૪.૦૦ કલાકે થી રાત્રે ૯.૩૦ કલાકે સુધી
**જમવાનું સમય :** સાંજે ૫.૩૦ કલાકે થી (ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે)
**શુભ સ્થળ :** મેવાડ સભાગૃહ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.
**Youtube Live સાથે...**

**સંપર્ક :** વિરચંદ લોડાયા – 95946 00900 • મહેશ દંડ – 97692 60739

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી માર્ચથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૫ થી ૨૫ માર્ચ ૨૦૨૫ | શ્રી ક દ ઓ જૈન સર્વોદય મંડળ મુલુંડ- મહિલા વિભાગઃ મસાલા- તેજાના ખરીદી માટે ઓર્ડર બુકિંગ. |
| તા. ૧૭ થી ૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી કે ડી ઓ મીડ ટાઉન જૈન સંઘ આયોજિત ઉત્તર પ્રદેશના જૈન તીર્થો નો લકઝરી યાત્રા પ્રવાસ |
| તા. ૧૯ માર્ચ ૨૦૨૫ | શ્રી કે ડી ઓ મીડ ટાઉન જૈન સંઘ આયોજિત મસાલા વિતરણ ઓર્ડર માટે અંતિમ દિવસ. |
| તા. ૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી સમસ્ત ક દ ઓ સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજી ની સમુહ પહેડીઃ આર. આર. સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. |
| તા. ૨૩ માર્ચ ૨૦૨૫ | સાંધવ નગરના લાલછતા પીર ની પહેડીઃ સવારના ૧૯.00 ક. થીઃ આર. આર. બેન્કવેટ હોલ, મ્હાડા કોલોની, મુલુંડ પૂર્વ. |
| તા. ૨૩ માર્ચ ૨૦૨૫ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજિત સાંધવ નગરના શ્રી વીર વાછરા દાદા ની પહેડી : સાંજે ૪.00 ક. થી. આર આર બેન્કવેટ હોલ, મુલુંડ પૂર્વ |
| તા. ૨૪ માર્ચ ૨૦૨૫ | શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોમ્બિવલી આયોજિત ગુજરાતી નાટક ''રણ મા ઉતરી ગુજરાતણ'': રાત્રે ૮.00 ક. : સાવિત્રી બાઇ ફુલે નાટ્યગૃહ, ડોમ્બિવલીઃ |
| તા. ૨૬-૨૭ માર્ચ ૨૦૨૫ | પરબ શક્તિ સંજીવની સોસાયટી આયોજિત અનાજ, મસાલા, ખાદ્ય તથા ઉપયોગી ઘરગથ્થુ ચીજવસ્તુઓ નું હોલસેલ ભાવે વેચાણ. પરમ કેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ. |
| તા. ૩૦ માર્ચ ૨૦૨૫ | કોઠારામા બિરાજમાન મૈશેરી કુળદેવી શ્રી ચામુંડા માતાજી ને નમતા ભાવિકોની ૧૫મી સમુહ પહેડીઃ સવારે ૯.00 ક. થી : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૩૦ માર્ચ ૨૦૨૫ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ, લાલપુર આયોજિત શ્રી ભલારા દાદાની મુંબઈ માં સમુહ પહેડીઃ સાંજે ૪.00 ક. થી : ગુડી પડવોઃ તા. ૩૦.૦૩.૨૦૨૫ઃ મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૩૦-૩૧ માર્ચ ૨૦૨૫ | શ્રી કેડીઓ જૈન મીડ ટાઉન સંઘઃ અગાઉ થી નોધાયેલા મસાલા- તેજાના ઈત્યાદિ ખાદ્ય ચીજો ના ઓર્ડર નું વિતરણઃ માટુંગા- કિંગ્સ સર્કલ |
| તા. ૧ અને ૨ એપ્રિલ ૨૦૨૫ | વરાડીયા મા શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ સંચાલિત ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરો નું ધ્વજારોહણ મહોત્સવ : મુખ્ય લાભાર્થીઃ મા. હીરબાઇ રતનશી પાશવીર ડાઘા હ. નલીનભાઈ |
| તા. ૨ એપ્રિલ ૨૦૨૫ | તેરા મા બિરાજમાન મોતા પરીવાર ના કુળદેવી શ્રી અંબાઈમા ના ભુવા શ્રી નું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| તા. ૩ થી ૧૩ એપ્રિલ ૨૦૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૦૬ એપ્રિલ ૨૦૨૫ | શ્રી લોડાયા પરિવાર સચ્ચાઇ માતાજી ભાવિક મંડળ, હૈદરાબાદ : કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી ની સમુહ પહેડી : સવારે ૯.00 ક. થીઃ કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ. |

# કુમઠા વાલગીરી જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે અઢાર અભિષેક તથા ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતાથી સંપન્ન

શ્રી અનંતનાથ ટ્રસ્ટ સંચાલિત કુમઠા વાલગીરી જિનાલયની વર્ષગાંઠ પ્રસંગે તા.૨ માર્ચ રવિવાર ફાગણ સુદ ત્રીજ દિને બેંગ્લોરના સુપ્રસિધ્ધ સંગીતકાર વિધિકાર શ્રેણિકભાઈ શાહના સથવારે વિધિવિધાન સાથે અઢાર અભિષેક તથા ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. તથા હુબલી, ગદગ, ગોવા, દાવણગીરી, સીરસી તથા મુંબઈ મહાજનના પદાધિકારીઓ અને અનંતનાથના ટ્રસ્ટીગણની ઉપસ્થિતમાં ૧૬૦ જણની હાજરીમાં ઉલ્લાસભેર સહ જાહો જલાલી ભેર સંપન્ન થયો. દર વરસની જેમ આ વરસે પણ મુંબઈથી ભોજન વ્યવસ્થા માટે ટીમ મોકલવામાં આવેલ. ભૌમિક ચેતન મોતાએ રસોડાની દેખરેખની માનદ સેવા આપેલ.

શ્રી અનંતનાથ ટ્રસ્ટ તરફથી માનદ સેવા આપનારા અનીશ વાલજી શાહ, ભૌમિક ચેતન મોતા તથા કુમઠા વાલગીરીના કર્મચારી ગણ કાંતિભાઈ, હીરાચંદભાઈ, નીરજભાઈ અને અન્યનું બહુમાન કરવામાં આવેલ. હુબલી મહાજન દ્વારા મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથ ટ્રસ્ટનું બહુમાન કરવામાં આવેલ.

હુબલી, ગદગ, ગોવા, દાવણગીરી તથા સીરસી મહાજને શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની અનુમોદના સહ પ્રશંસા કરેલ હતી.

આગામી વરસ માટે અષ્ટકારી પૂજા અને ૨૯ ધ્વજા ચડાવવાનો નકરો રૂા.૯,૯૯૯/- રાખવામાં આવેલ. બધી જ ધ્વજા ચડાવવા માટે લક્કી ડ્રો દ્વારા લાભ આપવામાં આવશે. જેના માટે ૨૪ નામ આવેલ છે.

આ સ્કીમમાં હજી પણ જેમને નામ લખાવવા હોય તો તેઓએ મનોજ લોડાયા-૯૮૩૩૦૩૯૯૮૦નો સંપર્ક કરવો. લાભાર્થીઓના નામ એક વરસ માટે વાલગીરી કુમઠામાં બોર્ડ ઉપર લખવામાં આવશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**નૂતનબેન દંડ**
તા.૧૦ માર્ચ (ઉ.૫૭)
સાંધવ-મસ્જીદબંદર



**અરૂણાબેન ધરમશી**
તા.૧૪ માર્ચ (ઉ.૫૮)
સેવક ભરૂડીયા-ડોંબિવલી



**નિર્મલાબાઈ ધરમશી**
તા.૧૪ માર્ચ (ઉ.૯૦)
સુથરી-વડોદરા



**માલ્યાબેન નાગડા**
તા.૧૫ માર્ચ (ઉ.૬૫)
જખૌ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● મૂળ માધાપર અને હાલ ઈંગ્લેન્ડમાં રહેતા શિવ કરસન હીરાણી દિલ્હીમાં યોજાયેલી ખોખોની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઈંગ્લેન્ડની ટીમ વતી ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૨૧ મેન્સ ટીમ તેમજ ૨૦ વૂમન ટીમ ભાગ લીધો હતો. ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં રમાયેલ આંતરરાષ્ટ્રીય ખોખો સ્પર્ધામાં ખોખો ફેડરેશન ઓફ ઈંગ્લેન્ડના નેજા હેઠળ ૧૪ ખેલાડીઓમાં કચ્છી ખેલાડી શિવ કરસન હીરાણીનો સમાવેશ થયો હતો.

● કચ્છના ઔદ્યોગિક જૂથ દીપક ચા પરિવારની ભવ્યતી હર્ષદભાઈ શાહે ૪૦ કલાકમાં ૬૦૦ કિ.મી. સાઈકલ ચલાવી બીઆરએમ (એસ) પૂર્ણ કરનારી કચ્છની પ્રથમ યુવતી બની છે. બ્રિવેટસ દ.રેન્ડોર મોન્ડીઓક્સ એટલે કે બીઆરએમએસએ નક્કી કરેલા ૩૦૦ કિ.મી. અંતરની સવારી જે ચોક્કસ સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોય છે. તે ઉપરાંત પૂર્વ નિર્ધારિત સમય, નિયંત્રણો અને નિયમોનું પાલન કરવાનું હોય છે. ભુજથી વહેલી સવારે પાંચ વાગ્યે પોતાની સફરની શરૂઆત કરી ટ્રાફિકથી ધમધમતા હાઈવે અને રાત્રે જૂજ પ્રકાશ સાથે સ્વંયને સુરક્ષિત રાખી આણંદ જઈને ફરી આણંદથી ભુજ પરત ફરતાં બીજા દિવસે રાત્રે ૯ વાગ્યાનો સમય લાગ્યો હતો. તેની આ સિધ્ધિ કચ્છની અન્ય યુવતીઓ જે સાહસિક ક્ષેત્રે આગળ વધી રહી છે તેમને માટે પ્રેરણારૂપ બનશે.

● સંસ્કૃત ભારતીનું મુખ્ય કાર્ય લોકોને સંસ્કૃત બોલતા કરી સંભાષણથી શાસ્ત્ર સુધી લઈ જઈ સંસ્કૃત ભાષાના માધ્યમથી ભારત માતાને પુનઃ પરમ વૈભવના શિખર પર વિરાજમાન કરવાનું છે. આ માટે સંસ્કૃત ભારતીના કાર્યકર્તાઓ દ્વારા વિવિધ નિઃશુલ્ક ઉપક્રમો ચલાવતા હોય છે. સંસ્કૃત સંસ્કૃતિનું શિક્ષણ આપવા ગુજરાતનું પ્રથમ નિઃશુલ્ક સંસ્કૃત અધ્યન કેન્દ્ર ભુજમાં નિર્માણ થઈ રહ્યું છે. જેને મહારાણી પ્રીતિદેવી સંસ્કૃત અધ્યન કેન્દ્ર નામ અપાશે. કેન્દ્રના પ્રત્યેક વર્ગો સ્માર્ટ બોર્ડ અને મલ્ટિ મીડિયાથી સુસજ્જ રહેશે. ૧૦૦ થી ૧૫૦ લોકો બેસી શકે એવા મંચ સહિતનું સભાગૃહ ૫૦૦ જેટલા લોકો બેસી સંસ્કૃતના સાંસ્કૃતિક કાર્યક્રમો માણી શકે એવા રંગમંચ સહિતનું ખૂલ્લું સાંસ્કૃતિક સ્થાન ભારતી મંદિર, યજ્ઞ શાળા, ગૌશાળા, નિવાસ કક્ષો, અન્નપૂર્ણા કક્ષ, ઉન્નધિની-લીફ્ટ, પાર્કિંગ સહિતની સુવિધાઓ દેશો સંસ્કૃત અધ્યન કેન્દ્ર ભૂમિ પૂજન ૨૧ ફેબ્રુઆરીના માતૃભાષા દિવસે સીતા જયંતી દિને મહારાણી પ્રીતિ દેવીજીના હસ્તે કરાયું. આ પવિત્ર અને સંસ્કૃતના ભવિષ્યને દિશા આપનારા કાર્ય માટે કચ્છ રાજના મહારાણી પ્રીતિદેવીજીએ ૫૧ લાખના વિશેષ દાનની જાહેરાત કરવામાં આવી છે.

● ચારે દિશામાં અફાટ રણ વિસ્તાર વચ્ચે રાપર તાલુકાના ખેતરો રવી પાકથી લહેરાઈ રહ્યા છે. તાલુકાના ૯૭ ગામ અને ૨૬૫ વાંઢ નર્મદા કેનાલથી ખેતી ક્ષેત્રે ક્રાંતિ કરી રહ્યાં છે. નર્મદા કેનાલ રાપર તાલુકાના ૩૯ ગામના પાદરથી વહી રહી છે. રાપર તાલુકામાં આ વર્ષે રવી પાકનું વાવેતર ઘઉં ૭૭૧૫ હેક્ટરમાં, ચણા ૫૮૦ હેક્ટરમાં, રાયડો ૮૯૬૯ હેક્ટરમાં, જીરૂ ૪૦૬૧૦, ધાણા ૧૦ હેક્ટરમાં, ઈસબગુલ અને વરિયાળી ૨૬૭૫ હેક્ટરમાં, અજમો ૬૯૫ હેક્ટરમાં, શાકભાજી ૬૩૦ હેક્ટરમાં અને ઘાસચારો ૭૦૦૫ હેક્ટર મળી કુલ્લ ૭૧૬૦૦ હેક્ટરમાં વાવેતર કરાયુ છે.

● રાષ્ટ્રીય કક્ષાની સમુદ્રી તરણ સ્પર્ધા પોરબંદરના સમુદ્રમાં યોજાઈ. જેમાં દેશભરના ૧૨૦૦ થી વધુ તરવૈયાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં માધાપરની હિમધી ચૌહાણે સતત બીજા વર્ષે પણ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. માધાપરના શિક્ષક દંપતી ભાવનાબેન અને ગિરીશ ચૌહાણની દસમા ધોરણમાં અભ્યાસ કરતી ૧૪ વર્ષની હિમધી ચૌહાણએ ૧૪ થી ૩૦ વર્ષની ઉંમરના સ્પર્ધકોની એક કિલો મીટરની સ્પર્ધામાં વહેલી સવારે કડકડતી ઠંડીમાં ભાગ લઈ ભારતભરમાંથી પ્રથમ નંબર મેળવ્યો હતો.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA